... જેથી પયગંબર યશાયાની વાણી સાચી પડે કે:
જે પ્રજા અંધકારમાં વસ્તી હતી
તેને મહાજ્યોતિના દર્શન થયાં, - માથ્થી૪:૧૨-૧૬

**ક્રિસમસ એક વૈશ્વિક ઉત્સવ:** ક્રિસમસ આપણને ઈશ્વરે માનવજાતને આપેલી ઈસુરૂપ ભેટની યાદ અપાવે છે. નવજાત બાળકને ભેટો આપી સન્માનિત કરવા પૂર્વથી અમુક જ્ઞાનીઓ બેથલહેમ આવ્યા હતા. એ સૂચવે છે કે નાતાલ કોઈક રીતે ભેટ આપવાની સાથે સંબંધ ધરાવે છે. અને ભેટ આપવાની પ્રથા બતાવે છે કે નાતાલ એ એક બિનસાંપ્રદાયિક ઉજવણી છે, જે કુટુંબ અને મિત્રો પર કેન્દ્રિત છે. આ બિનસાંપ્રદાયિક નાતાલની ઉજવણીમાં, સાન્તાક્લોઝ (ક્રિસમસ દાદા) નામની પૌરાણિક વ્યક્તિ, જે મીઠાઈઓ અને ભેટોનું વિતરણ કરે છે, તે મુખ્ય ભૂમિકા ભજવે છે. અન્ય બાબતો કે જે નાતાલને બિનસાંપ્રદાયિક કૌટુંબિક ઉજવણી બનાવે છે તેમાં ક્રિસમસ કેરોલ્સ (પ્રભુ જન્મની વધામણીના ગીતો) અને હકારાત્મક સંદેશાઓ સાથે ક્રિસમસ કાર્ડ્સ મોકલવામાં આવતા જે આજે મોબાઈલમાં સુંદર ચિત્રો સાથે જોવા મળે છે.

યુરોપ અને ઉત્તર અમેરિકાની બહાર ખ્રિસ્તી ધર્મના પ્રસાર સાથે, નાતાલ એક સાર્વત્રિક ઉજવણી બની ચુકી. તેમ છતાં ભારત જેવા ઘણા દેશોમાં ખ્રિસ્તીઓ બહુમતી વસ્તી ન હોવાથી લોકો હજુ પણ માને છે કે ખ્રિસ્તી ધર્મ એ પશ્ચિમી ધર્મ છે, જે સાચું નથી. આ સમાજોમાં ક્રિસમસના રિવાજો હજુ પણ પશ્ચિમી પરંપરાઓનો પડઘો પાડે છે અને ક્રિસમસ એક ખ્રિસ્તી રજા જ ગણાય છે. તે બધા નાગરિકો દ્વારા વિશાળ દ્રષ્ટિએ જોવામાં આવતી નથી. જો કે, ભારતના કેટલાક ભાગોમાં, લોકો ક્રિસમસ ટ્રીની જગ્યાએ કેરીના વૃક્ષ અથવા વાંસનો ઉપયોગ કરે છે, અને ઘરોને કેરીના પાંદડા અને કાગળના તારાઓથી શણગારે છે.

અહીં એ નોંધવું રસપ્રદ છે કે જાપાનમાં, જે મુખ્યત્વે બૌદ્ધ દેશ છે, ત્યાં ક્રિસમસ ટ્રી, શણગાર અને નાતાલનાં ગીતો ગાવાનું વ્યાપકપણે જોવા મળે છે. ક્રિસમસથી લઈને નવા વર્ષ સુધી દરેક ઘરમાં ક્રિસમસ ટ્રી ગૌરવપૂર્ણ સ્થાન લે છે. નાતાલના વૃક્ષને સુશોભિત કરવાની ક્રિયા નાતાલના સમયે આખા કુટુંબને એકસાથે લાવે છે. સમાજમાં લોકો, પ્રદેશો અને સંસ્કૃતિઓને ધ્યાનમાં લીધા વિના ક્રિસમસ ટ્રીને સુંદર બનાવવાની યોજનામાં લાગી જાય છે.

**ભારતમાં નાતાલની અર્થપૂર્ણ ઉજવણી:** હાલના સમયમાં ઘણા લોકો નાતાલનું મહત્વ ભૂલી રહ્યા છે. તેઓ બાહ્ય ઉજવણીમાં ઘણો સમય અને નાણાં ખર્ચે છે. ઈસુએ વિશ્વને પ્રેમ અને ક્ષમાનો મહાન પાઠ શીખવ્યો હતો. તેમણે આપણને શીખવ્યું કે આપણા બધાના જીવનનો સ્રોત ઈશ્વર હોવાથી આપણે સમાન છે અને એક પરિવારના ભાઈબહેનોછીએ. પ્રેમ એ એક મહત્વપૂર્ણ શક્તિ છે જે વિશ્વને દોરી જાય છે; પ્રેમ એ આપણા જીવનની ઓળખ હોવી જોઈએ. દરેક વ્યક્તિ આ જીવન સિદ્ધાંતને સમજી શકતી નથી. કોવિડ-૧૯એ પણ આપણને શીખવ્યું છે કે આપણે એકબીજા માટે જીવવું જોઈએ અને એકબીજાની પડખે ઊભા રહેવું જોઈએ. તેથી, આપણે જે સિદ્ધાંતો માટે ઈસુ ભગવાન જીવ્યા અને મૃત્યુ પામ્યા તે સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને તેમના જન્મની ઉજવણી કરવી જરૂરી છે.

જો આપણી વચ્ચે ભેદભાવ હોય તો નાતાલને અર્થપૂર્ણ રીતે ઉજવી શકાય નહીં. આપણી પરિસ્થિતિમાં સર્વોચ્ચ અગ્રતા આપણી વચ્ચેના તમામ પ્રકારના ભેદોને દૂર કરવાની હોવી જોઈએ. ઈસુ આપણી સાથે એકરૂપ થવા માટે આવ્યા હતા અને તેમણે અસમાનતા, શોષણ અને જાતિ, સંપત્તિ ને હોદ્દા પર આધારિત ભેદભાવ જેવા તમામ પ્રકારના પાપો સામે જોરદાર રીતે અવાજ ઉઠાવ્યો હતો. તેમણે લોકોને સર્વ સૃષ્ટિના માલિકને પિતા તરીકે સંબોધવાનું અને બીજાઓને ભાઈ-બહેનો ગણવા શીખવ્યું. આપણા દેશમાં આવું વલણ ઓછું જોવા મળે છે. ઈસુએ ધર્મ, જ્ઞાતિ કે જાતિનો ભેદભાવ રાખ્યા વિના દરેક વ્યક્તિમાં જે સારું હતું તેની પ્રશંસા કરી હતી. તેથી, નાતાલની ઉજવણીની શ્રેષ્ઠ રીતોમાંની એક એ છે કે અન્ય ધર્મ, જાતિ અને અન્ય સામાજના લોકો સાથે જોડાવું. તે ખરેખર આપણને નાતાલનો આનંદ આપશે.

આપવાથી જ આપણને મળે છે. બીજાને આપવામાં, પોતાની પાસે જે છે તે વહેંચવામાં અને બીજાને ખુશ રહેવામાં મદદ કરવામાં જ સૌથી વધુ સંતોષ મળે છે. ઉદાહરણ તરીકે, બહારની ઉજવણીઓ પર ઘણાં પૈસા ખર્ચવાને બદલે, કોઈ ગરીબ બાળકના શિક્ષણ પર થોડો ખર્ચ કરી શકાય છે. તે આપણને ક્રિસમસનો વાસ્તવિક આનંદ આપશે. આપણા દેશમાં અમીર અને ગરીબ વચ્ચેની ખાઈ દરરોજ વધી રહી છે. સરકાર પણ અમીરોને જ મદદ કરતી હોય તેવું લાગી રહ્યું છે. વધુને વધુ લોકોને ખોરાકની સમસ્યા થઈ રહી છે અને વધુને વધુ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. આવા લોકો અને બાળકો સાથે ક્રિસમસની ઉજવણી કરવાથી અને તેમને કેટલીક ભેટ આપવાથી ચોક્કસ તેમના ચહેરા પર સ્મિત આવશે અને આપણો આનંદ બમણો થશે.

નાતાલને અર્થપૂર્ણ રીતે ઉજવવાની બીજી મહત્વની રીત એ છે કે વૃદ્ધાશ્રમમાં વૃદ્ધો સાથે અને અનાથાશ્રમો અને વિકલાંગ બાળકો માટેની સંસ્થાઓમાં બાળકો સાથે થોડો સમય વિતાવવો. આપણે એ ન ભૂલીએ કે દેવદૂતોએ સૌ પ્રથમ સમાજના હાંસિયામાં રહેતા લોકોને, ખેતરોમાં ઘેટાં-બકરાની ચોકી કરતા ભરવાડોને જ સૌ પ્રથમ ઈસુના જન્મની ખુશખબર આપી હતી. ભરવાડો સરળ, નમ્ર અને સત્તાહીન લોકો હતા. ચાલો, ઈશ્વર પોતાનું બધું આપણી સાથે વહેંચીને આનંદ માને છે તેમ આપણે પણ ખરેખર વહેંચવાનો આનંદ માનીએ જે નાતાલનો આનંદ છે.

I AM THE WAY, THE TRUTH AND THE LIFE
**CATHOLIC INFORMATION SERVICE SOCIETY**
Regd. TRUST No.F/1041/Ahmedabad
Regd. SOCIETY No.Gujarat/1983/Ahmedabad
Ameebela Bldg., Nr Sanman Hotel, Up Income Tax Underbridge, Ahmedabad 380 014
Tel. (079) 27542922 & 27540063 | Cell : 9429516498 | E-mail : cissahd@gmail.com
websites : www.biblegujarat.org



પ્રિય ભાઈઓ-બહેનો,

કુશળ હો.

દરેક તહેવારની ઉજવણી આપણને આનંદ અને ઉલ્લાસની સાથે સાથે ધાર્મિક સંદેશ પણ આપે છે. જેથી મંદ પડેલી ધર્મભાવના સતેજ થાય, જાગ્રત થાય. ઈસુએ કહ્યું, "હું જગતનો પ્રકાશ છું. જે કોઈ મને અનુસરે છે તેને કદી અંધકારમાં નહીં ચાલવું પડે, પણ તે જીવનનો પ્રકાશ પામશે." ઈસુના જન્મદિવસે જ ભરવાડો અને પૂર્વના વિધર્મી રાજવર્ગના પંડિતો જ્ઞાન પ્રકાશ પામ્યા. ઈસુએ ગરીબોની સેવા કરી અધર્મનો નાશ કરી દુનિયાને સત્યનો પ્રકાશ આપ્યો. આપણે પણ દીવા થઈ પ્રકાશ પાથરીએ.

૨૦૨૦ અને ૨૦૨૧નું વર્ષ કોરોના મહામારીને કારણે એકંદરે ઘણાને માટે લાભદાયી-શુભદાયી ન હતું. આ ૨૦૨૨નું વર્ષ સર્વ માટે શુભદાયી બને એવી કામના છે.

જૂના કરારમાં ઈશ્વરે ઇસ્રાયેલીઓને આ પ્રમાણે આશીર્વાદ આપ્યા. " 'પ્રભુ તમને સુખી રાખો અને તમારી સંભાળ રાખો.' 'પ્રભુ તમારા ઉપર કૃપાદ્રષ્ટિ અને મહેરબાની હો, પ્રભુ તમારા ઉપર પ્રસન્ન હો અને તમને શાંતિ બક્ષો.' "

બસ એજ.

સપ્રેમ.

**સિસ્ટર પુષ્પલતા, એલ. ડી.**
ડાયરેક્ટર, સી.આઈ.એસ.એસ.

# નાતાલનો આનંદ અનુભવીએ!

ફાધર આર.એ.કુમાર

જ્યારે આપણે નાતાલ (ક્રિસમસ) શબ્દ સાંભળીએ છીએ ત્યારે આપણાં મનમાં શું આવે છે? શું, ઉત્સવ, શાંતિ અને આનંદનાં વિચારો નથી આવતાં ? દર વર્ષે ક્રિસમસ ૨૫મી ડિસેમ્બરે ઉજવવામાં આવે છે. તે ઈસુ ભગવાનના જન્મની ઉજવણી છે, જેઓ પ્રેમ, ન્યાય અને શાંતિ માટે જાણીતા છે. રસપ્રદ વાત એ છે કે તેમણે ક્યારેય કોઈ પણ ધર્મની સ્થાપના કરી નહોતી,

જો કે ઘણાં માને છે કે તેઓ ખ્રિસ્તી ધર્મના સ્થાપક છે. ઈસુએ શરૂ કરેલી ચળવળને એક ધર્મમાં પલટાવી નાખનાર તો એમના અનુયાયીઓ હતા.

ઈસુના ઉપદેશોએ ૨૦૦૦થી વધુ વર્ષોથી લાખો લોકોને પ્રભાવિત કર્યા છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે તમામ મનુષ્યોને ઈશ્વરની પ્રતિમૂર્તિરૂપમાં બનાવવામાં આવ્યા છે અને તેથી ઈશ્વર દરેક વ્યક્તિમાં વાસ કરે છે. બધા ઈશ્વરના બાળકો છે અને તેથી ભાઈ-બહેનો છે અને સમાન છે. ઈશ્વરે ફક્ત એક જ આજ્ઞા આપી છે; અને તે છે પ્રેમની આજ્ઞા – ઈશ્વરપ્રેમ અને પાડોશીપ્રેમ. કોઈ ધર્મ, કોઈ મંદિર કે કોઈ કાયદો માનવ કરતાં વધુ મહત્વપૂર્ણ નથી.

આ ઉપદેશો ફક્ત ખ્રિસ્તીઓ દ્વારા જ નહીં, પણ પૃથ્વી પરના તમામ પ્રકારના લોકો દ્વારા સ્વીકારવામાં આવે છે અને પ્રશંસા કરવામાં આવે છે. દાખલા તરીકે આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, જેઓ રામના ભક્ત હતા, તેમણે જાહેરમાં ઈસુના ઉપદેશોની પ્રશંસા કરી છે. આજે ક્રિસમસ લગભગ એક બિનસાંપ્રદાયિક તહેવાર બની ગયો છે. તમામ પ્રકારના લોકો તેમના ધર્મને ધ્યાનમાં લીધા વિના એની ઉજવણી કરે છે. ૨૦મી સદીની શરૂઆતથી જ નાતાલ બિનસાંપ્રદાયિક ને પારિવારિક રજા બની ચૂકી છે. માનવ જાતના તારણહાર તરીકે આપણી વચ્ચે જન્મેલ દિવ્ય બાળક આપણને જે આનંદ આપે છે, એના પ્રતિક રૂપે દરેકને ખુશ કરવા ભેટો અપાય છે. આથી બાઈબલમાં વર્ણવેલ ઈસુના જન્મ વિષે જાણવું આપણે માટે ખૂબ જ ઉપયોગી છે.

**બાઈબલમાં જગતના તારણહાર:** બાઈબલ, જે ખ્રિસ્તીધર્મનો પવિત્ર ગ્રંથ છે, એમાં બે મુખ્ય વિભાગો છે: જૂનો કરાર અને નવો કરાર. બંને વિભાગો ઈશ્વરની પ્રેરણાથી લખવામાં આવેલાં છે એમ માનવામાં આવે છે. જૂનો કરાર યહૂદીઓનો પવિત્ર ગ્રંથ છે. ઈસુ ભગવાન અને તેમના શિષ્યો યહૂદી હોવાથી તેમણે તે ગ્રંથનો ઉપયોગ કર્યો હતો. ત્યાર બાદ જયારે ખ્રિસ્તી ધર્મનો ઉદય થયો ત્યારે ખ્રિસ્તીઓએ પણ તે ગ્રંથને અપનાવી લીધો. ઈસુ અને તેમના અનુયાયીઓના જીવન તથા કાર્ય વિષે નવા કરારમાં લખવામાં આવ્યું છે. યહૂદીઓની માન્યતા પ્રમાણે, સૃષ્ટિના પ્રારંભથી ઈસુના આગમન સુધી એમના ઈતિહાસમાં જે કંઈ બન્યું હતું, તે બધું જૂનાકરારમાં લખેલું છે.

જૂના કરારમાં જે ગ્રંથો છે તે, ખાસ પયગંબરોના ગ્રંથો, નવાકરારને સમજવા માટે આપણને ખૂબ જ ઉપયોગી છે. કારણ કે જૂના કરારમાં જે કંઈ લખેલું છે એ બધું, ખાસ કરીને આવનાર મસીહ કે માનવજાતના તારણહાર વિષે જે કંઈ લખેલું છે, તે બધું, નવાકરારના સમયમાં ને ઈસુમાં પરિપૂર્ણ થાય છે. બાઈબલને સંપૂર્ણ રીતે વાંચનાર સૌને ખાતરી થશે કે બાઈબલના બંને ભાગો મજબૂત રીતે એકબીજા સાથે જોડાયેલા છે. ઘણી વસ્તુઓ તે બંનેને જોડે છે. જો જૂનો કરાર એ વૃક્ષ હોય, તો નવો કરાર એ ફળ છે; જો જૂનો કરાર વચન હોય, તો નવો કરાર એ પરિપૂર્ણતા છે; જૂનો કરાર અને નવો કરાર બંને એક સત્યની સાક્ષી પણ આપે છે કે આ મસીહ ઈશ્વરના પુત્ર સિવાય બીજું કોઈ નહિ, જે (પણ) હકીકતમાં ઈશ્વરની સાથે એકરૂપ છે.

**તારણહારના આગમન વિષે પયગંબરો:** દૈવી મસીહ કે તારણહાર વિશેના વચનો (ભવિષ્યવાણી) જૂના કરારમાં બધે જોવા મળે છે. જો કે, તેઓ પયગંબરોમાં, તે પણ ખાસ કરીને પયગંબર યશાયામાં, વધુ કેન્દ્રિત છે. કેટલાક લોકો એવી દલીલ કરે છે કે આવા બધા પયગંબરો અને તેમની વાણી કલ્પનાશિલ છે અને વાસ્તવિક નથી. તેમ છતાં, ભૂતકાળના આવા પયગંબરોના અસ્તિત્વ વિશે કોઈ ગંભીર ઈતિહાસકારને શંકા નથી. તેમના નામવાળા પુસ્તકો તેમના અસ્તિત્વના સમયને સ્પષ્ટ રીતે દર્શાવે છે. વળી, તે સમયના રાજ્યોની રાજવૃત્તાંતોમાં પણ આવા પયગંબરોની હાજરી વિશે નામ સાથે ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને તેમની પ્રવૃત્તિઓનું વર્ણન કરવામાં આવેલ છે.


## માનો કે ના માનો ભગવાન ઈસુ વિશે જાણો



**ભગવાન ઈસુ અને બાઇબલ વિશે જાણવા માટે કોઈ બંધન વિના પોસ્ટ દ્વારા અમારા અભ્યાસક્રમનું સાહિત્ય વિના મૂલ્યે મેળવવા નીચેના સરનામે લખો.**

ડાયરેક્ટર, સી.આઈ.એસ.એસ.
પો.બો.નં.૪૧૭૩
અમદાવાદ - ૩૮૦૦૦૯
(M) 094295 16498

I AM THE WAY, THE TRUTH AND THE LIFE


**ઈશ્વરની વિશ્વાસતાનું સંકેત બાળક-મસીહ:** ઈઝરાયલનો રાજા આહાઝ (ઈ.પૂ. ૭૩૫-૭૧૫) ઈશ્વર પર વિશ્વાસ મૂકતો નહોતો. પરંતુ અસૂર અને મિસરના રાજાઓ પર વિશ્વાસ કરતો. તે દિવસોમાં, કોઈ વ્યક્તિ પર વિશ્વાસ કરતાં પહેલાં તે માટે કોઈ સંકેત માંગવાનો રિવાજ હતો. તેથી, ઈશ્વરે પયગંબર યશાયા દ્વારા આહાઝને સંદેશ મોકલ્યો કે મારા ઉપર વિશ્વાસ મૂકવા માટે હું તને એક બાળકનો સંકેત આપું છું. યશાયાએ કહ્યું:

> પ્રભુ પોતે તને એધાણી બતાવશે;
> એક જુવાન સ્ત્રીને ગર્ભ રહ્યો છે,
> અને તે એક પુત્રને જન્મ આપશે,
> અને તેનું નામ ઈમાનુએલ-એટલે કે, 'આપણી સાથે ઈશ્વર'- એવું પડશે.
> - યશાયા૭:૧૪

લૂકનો શુભસંદેશ લગભગ સાત સદીઓ પછી સાર્થક બનેલી આ ઘટના વર્ણવે છે. ગાલીલ પ્રાંતના નાઝરેથ શહેરમાં, મરિયમ નામની એક કન્યા હતી. તેનો યોસેફ નામની વ્યક્તિ સાથે વિવાહ થયો હતો. ઈશ્વરના એક દેવદૂતે તેને દર્શન દઈને સંદેશો આપ્યો કે ઈશ્વરના આત્માની શક્તિથી તે ગર્ભવતી થઈને એક પુત્રને જન્મ આપશે. તે બાળક 'ઈશ્વરનો પુત્ર' હશે:

દેવદૂતે જવાબ આપ્યો,

> "પવિત્ર આત્મા તારા ઉપર ઉતરશે
> અને પરાત્પરનો પ્રભાવ તને છાઈ દેશે,
> અને એજ કારણથી જે પવિત્ર પુત્ર અવતરશે
> તે 'ઈશ્વરપુત્ર' કહેવાશે. - માથ્થી ૧:૩૫

પયગંબર યશાયાના મનમાં કોનું બાળક હતું અથવા કઈ સ્ત્રી હતી તે અનુમાન કરવું મુશ્કેલ છે. તે પયગંબર યશાયાનું પોતાનું અથવા રાજાનું અથવા તે સમયે જેઓ રાજાના દરબારમાં હાજર હતા તેમનું બાળક હોય શકે છે. તેમ છતાં, મહાન વિદ્વાનો સહિતના મોટાભાગના લોકો માટે આશ્ચર્યજનક વાત એ છે કે ઘણી સદીઓ પહેલાં બોલાયેલી પયગંબરી વાણી માથ્થી દ્વારા લગભગ શાબ્દિક રીતે મરિયમ તથા ઈસુને લાગુ પાડવામાં આવે છે. એનો અર્થ એ છે કે પ્રારંભિક ખ્રિસ્તી સમુદાય પયગંબર યશાયાની વાણીનો ઊંડો આધ્યાત્મિક અર્થ સમજી ગયો હતો. કોઈ શંકા વિના, ઈસુના અનુયાયીઓ માનતા હતા કે બાળક વિશેની ભવિષ્યવાણી ઈસુમાં સાચી પડી, જેની મા કુંવારી મરિયમ હતી. મરિયમને કોઈ પણ માનવ હસ્તક્ષેપ વિના દૈવી કૃપાથી ગર્ભ રહ્યો હતો અને તેણે દૈવી બાળકને જન્મ આપ્યો હતો. ખરેખર તે અપેક્ષિત મસીહ અને "ઈશ્વરપુત્ર" હતો.

**અંધકાર દૂર કરવા:** આશરે ઈ.પૂ. ૭૩૨ માં અશૂરે ઈઝરાયેલના ઉત્તરીય વિભાગ પર હુમલો કર્યો અને તેનો કબજો કરી લીધો. યશાયા ૮:૨૩,એ સમયને અંધકારનો સમય ગણાવે છે. ઈસ્રાએલીઓ કાં તો દેશનિકાલ થઈ ગયાં હતાં અથવા તેમના દેશમાં જ એક પ્રકારના ગુલામ બન્યાં. એવી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ કાવ્યાત્મક રીતે યશાયા ૯:૧ મુક્તિ (પ્રકાશ)ની ઘોષણા કરે છે, જે હમણાં જ જન્મેલા નવા રાજા દ્વારા લાવવામાં આવશે.

> ... જે પ્રજા અંધકારમાં આથડતી હતી
> તેને મહા જ્યોતિનાં દર્શન થયાં છે,
> ઘન ઘોર તિમિરનાં પ્રદેશમાં વાસનારાઓ
> આગળ પ્રકાશ પ્રગટ્યો છે. - યશાયા ૮:૨૩-૯:૧

માથ્થીનો શુભસંદેશ ઈસુના જાહેર જીવનની શરૂઆતમાં જ યશાયાની આ પયગંબરી વાણીને લાગુ પાડે છે. ઈસુ પોતાનું વતન નાસરેથ છોડીને કફરનહૂમમાં સ્થાયી થાય છે, જે તેમના શિષ્યો પીતર અને આન્દ્રિયાનું ગામ હતું. માથ્થી એવું બતાવવા માંગે છે કે ગાલીલ, જે પ્રાંતમાં નાસરેથ હતું, ઈસુના શુભસંદેશના પ્રચાર માટેનું મુખ્ય સ્થાન હતું. યશાયા ૮:૨૩-૯:૧, પછીના દિવસોમાં બનનારા મહાન પલટાની વાત કરે છે. નવા યુગના પ્રારંભથી નવા રાજાના આગમનને કારણે ગાલીલનો આધ્યાત્મિક અંધકાર દૂર થઈ જશે. ખ્રિસ્તીઓ માટે, આ એક ખૂબ જ પ્રખ્યાત વચન છે જે જૂના કરારની વાણીને સીધી રીતે નવા કરાર અને ઈસુ સાથે જોડે છે. આ શાસ્ત્રપાઠ નાતાલ જાગરણ દરમ્યાન વાંચવામાં આવે છે. શુભસંદેશકાર માથ્થી અને પ્રથમ ખ્રિસ્તીઓ અનુસાર, આ પયગંબરી વાણી ઈસુ મસીહ સાથે ખૂબ જ સારી રીતે બંધ બેસે છે. ઈશ્વર તથા તેમના પ્રેમ અને શાંતિના રાજ્ય વિશેના ઈસુના શુભસંદેશને બીજા ધર્મોના અનુયાયીઓ અને અન્ય સંસ્કૃતિના લોકોને પણ આપવો પડે. જ્યારે તેઓ તેને સ્વીકારે, ત્યારે તે તેમનામાં પ્રકાશ અને નવું જીવન લાવશે. માથ્થી લખે છે: